PAN NO. AAEFV8227G
Ph. No. (079) 27506647
GSTIN No. 24AAEFV8227G1Z4
Email ID: vishvboahd@gmail.com

# Vishv Enterprise

*Manpower Recruitment And Placements, Paramedical, Housekeeping and Security Services*

**Branch Office : 87, 2nd Floor, 4-D Square Complex, Visat-Gandhinagar Highway, Motera, Ahmedabad**

નં.વિશ્વ/જીસેક્સ/કરાર રીન્યુ બાબત/૧૨૦૦ તા.૦૬/૦૨/૨૦૧૮

પ્રતિ

**અધિક્ષકશ્રી / ડીટીએચઓશ્રી / તબીબી અધિક્ષકશ્રી / સીડીએમઓશ્રી / એઆરટી ઇન્ચાર્જશ્રી /**
**બ્લડ બેંક ઇન્ચાર્જશ્રી / એસઆરએલ ઇન્ચાર્જશ્રી / આઇસીટીસી ઇન્ચાર્જશ્રી / એસટીઆઇ ઇન્ચાર્જશ્રી તમામ**

વિષય : કરાર આધારીત કર્મચારીઓના કરાર લંબાવવા બાબત **.....**

સંદર્ભ : **૧. ગુજરાત સ્ટેટ એઇડસ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ કચેરીના પત્ર નં. જીસેક્સ/ એડમીન/ કર્મચારીઓના કરાર અને ઇ.પી.એ./મુદત વધારો/૧૧૭૭-૮૧/૨૦૧૮ તા. ૩૦/૦૪/૨૦૧૮**
**૨. ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ કચેરીના પત્ર નં. જીસેક્સ/એડમીન/ કર્મચારીઓના કરાર/૧૦૯૩૮-૪૦/૨૦૧૮, તા. ૨૭/૧૨/૨૦૧૮**

મે. સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં આપ સાહેબશ્રીને જણાવવાનું કે, જીસેક્સ કચેરી તેમજ જીસેક્સ ફીલ્ડ કક્ષાએ કરાર આધારીત ફરજો બજાવતા કર્મચારીઓના કરારની મુદત તા. ૩૧/૦૧/૨૦૧૯ ના રોજ પુર્ણ થયેલ છે. જે ધ્યાને લઇ ગુજરાત સ્ટેટ એઇડસ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ કચેરીના સંદર્ભ પત્ર ક્ર. (૧) માં દર્શાવેલ પત્રથી જીસેક્સ કચેરી તેમજ જીસેક્સ ફીલ્ડ કક્ષાએ કરાર આધારીત ફરજો બજાવતા કર્મચારીઓના કરારની મુદત તા. ૦૧/૦૨/૨૦૧૯ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધી ૦૨ માસ માટે લંબાવવા બાબતે અમારી એજન્સીને જણાવેલ છે. જે ધ્યાને લઇ અમારી એજન્સી મારફતે આપના સેન્ટર / કચેરી ખાતે કરાર આધારીત ફરજો બજાવતા બ્લડ બેંક કાઉન્સેલર / બ્લડ બેંક લેબ ટેક / મોડેલ બ્લડ બેંક લેબ એટેન્ડન્ટ / મોડેલ બ્લડ બેંક ડેટા એન્ટ્રી ઓપરેટર / મોડેલ બ્લડ બેંક સીક્યુરીટી ગાર્ડ / મોડેલ બ્લડ બેંક લેબ ટેક / બ્લડ મોબાઇલ વાન ડ્રાઇવર / બ્લડ મોબાઇલ વાન એટેન્ડન્ટ / બ્લડ મોબાઇલ વાન ક્લીનર / બ્લડ ટ્રાન્સપોર્ટેશન વાન ડ્રાઇવર / બ્લડ ટ્રાન્સપોર્ટેશન વાન એટેન્ડન્ટ / એક્વાસ લેબ ટેક / આઇસીટીસી કાઉન્સેલર / આઇસીટીસી લેબ ટેક / ડીસ્ટ્રીક્ટ સુપરવાઇઝર / મોબાઇલ આઇસીટીસી કાઉન્સેલર / મોબાઇલ આઇસીટીસી લેબ ટેક / મોબાઇલ આઇસીટીસી ડ્રાઇવર / મોબાઇલ આઇસીટીસી ક્લીનર / ડીસ્ટ્રીક્ટ આસિસ્ટંન્ટ-પ્રોગ્રામ / ડીસ્ટ્રીક્ટ આસિસ્ટંન્ટ-એકાઉન્ટ / ડીસ્ટ્રીક્ટ આસિસ્ટંન્ટ-એમ એન્ડ ઇ / એસટીઆઇ કાઉન્સેલર / એસટીઆઇ લેબ ટેક / રીસર્ચ ઓફીસર / એઆરટી સીનીયર મેડીકલ ઓફીસર / એઆરટી મેડીકલ ઓફીસર / એઆરટી કાઉન્સેલર / એઆરટી લેબ ટેક / એઆરટી સીસીસી / એઆરટી ડેટા મેનેજર / એઆરટી ફાર્માસિસ્ટ / એઆરટી સ્ટાફ નર્સના કરારની મુદત તા. ૦૧/૦૨/૨૦૧૯ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધી ૦૨ માસ માટે લંબાવવામાં આવે છે, જે આપ સાહેબશ્રીને જાણ સારૂ.

**વિશ્વ એન્ટરપ્રાઇઝ, મહેસાણા**

M/S. VISHV ENTERPRISE
(AUTHORISED)

PAN NO. AAEFV8227G
Ph. No. (079) 27506647

GSTIN No. 24AAEFV8227G1Z4
Email ID: vishvboahd@gmail.com

# Vishv Enterprise

*Manpower Recruitment And Placements, Paramedical, Housekeeping and Security Services*

**Branch Office : 87, 2nd Floor, 4-D Square Complex, Visat-Gandhinagar Highway, Motera, Ahmedabad**

**નોંધ :** આથી તમામ કરાર આધારીત કર્મચારીઓને જણાવવામાં આવે છે કે, સદર કરાર મુદત વધારો દરમ્યાન કરાર આધારીત ફરજો બજાવતા કર્મચારીઓના જુના કરારની (તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા. ૩૧/૦૧/૨૦૧૯ સુધી) બેલેંસ રહેતી રજાઓ કરાર મુદત વધારો સમય ગાળા દરમ્યાન મળવા પાત્ર રહેશે તેમજ તા. ૦૧/૦૨/૨૦૧૯ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધી કુલ ૫.૦ ઇએલ (૨.૫ પ્રતિ માસ) તેમજ ૦૨ એસએલ અલગથી મળવા પાત્ર રહેશે. વધુમાં કરાર આધારીત ફરજો બજાવતા કર્મચારીઓદ્વારા તા. ૦૧/૦૨/૨૦૧૯ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સમય દરમ્યાન મળવા પાત્ર રજાઓ થી વધારાની રજા ભોગવામાં આવશે તો તેઓની કપાત પગારી રજા ગણવામાં આવશે તેમજ તે બાબતની કોઇ પણ પ્રકારની જાણ કર્મચારીને કરવામાં આવશે નહી. જેથી કરાર આધારીત કર્મચારીઓને વિનંતી છે કે, રજા ભોગવતા પહેલા આપના દ્વારા ભોગવેલ રજાઓની ગણતરી કરી જે તે માસમાં રજાઓ મોકવી.

વધુમાં આપના તરફથી દર મહિને હાજરી પત્રક અમારી એજન્સીને મળે છે, જેમાં અમુક કર્મચારીઓના હાજરી પત્રકમાં હાજરી લખવામાં ભુલ થાય છે તેમજ હાજરી પત્રકમાં દર્શાવેલ કુલ દિવસ અને મહિનાના દિવસોમાં તફાવત આવતા હોવાથી અમારી એજન્સી દ્વારા તફાવતના દિવસોને કપાત રજા ગણવામાં આવે છે, જે સદર કર્મચારીને યોગ્ય લાગતું નથી પરંતુ આ તમામ ભુલ આપના તરફથી હોવાથી એમાં અમારો કોઇપણ પ્રકારનો વ્યક્તિગત વાંક નથી. વધુમાં આપ કર્મચારીઓને જણાવવાનું કે, આપના તરફથી મોકલાવેલ હાજરી પત્રક પરથી અમારી એજન્સીને જીસેક્સ કચેરીમાં હિસાબ આપવાનો થાય છે તેમજ આ તમામ વસ્તુઓની ઓડીટના વખતે તપાસ થાય છે, જો અમારી એજન્સી દ્વારા હિસાબોમાં ભુલ આવે તો અમારી એજન્સીને ઓડીટર તરફથી પેનાલ્ટી આપવામાં આવે છે. જેથી તમામ કર્મચારીઓને જણાવવામાં આવે છે કે આપ જે હાજરી પત્રક મોકલાવો એ ચકાસણી કરીને જ મોકલવી જેથી આપનો પગાર કપાત થશે નહી તેમજ જો આવી ભુલ દેખાય અને કોઇ કર્મચારીનું પગાર ઓછો જમા થશે તો તેની સઘળી જવાબદારી અમારી એજન્સીની રહેશે નહી તેમજ આ બાબતે જીસેક્સ કચેરીમાં આવતા ઓડીટ દરમ્યાન કોઇ કર્મચારીની ભુલ દેખાશે તો તેઓને સરકારી ઓડીટરને જવાબ આપવાનું બંધનકર્તા રહેશો તેમજ ઓડીટર તરફથી જે પગલાં લેવામાં આવશે તે તેઓને માન્ય રાખવાનું રહેશે તેમજ જે કર્મચારી દ્વારા તેઓની હાજરી પત્રકમાં હાજરી ઓછી દર્શાવેલ હોય એવા કર્મચારીનો પગાર કપાત કરવામાં આવશે, જે બાબતે સદર કર્મચારીને કોઇપણ પ્રકારની જાણ કરવામાં આવશે નહી તેમજ કપાત કરેલ પગારની રકમ ફરી મળશે નહી તેમજ ભુલ સુધારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

**વિશ્વ એન્ટરપ્રાઇઝ, મહેસાણા**

M/S. VISHV ENTERPRISE

(AUTHORISED)

S/8-A, 2nd Floor, Siddhivinayak Complex, Nr. Sarvoday Bank, T.B. Road, MEHSANA-384002 (Guj.)
Ph. 02762-242506, Fax No. 02762-240444
Email : vishventerprise@yahoo.co.in, vishventerprise2017@gmail.com
Web. : www.vishventerprise.net